# પિતરાઈ ભાઈએ જ કરી માસુમની હત્યા

## મૃતદેહ બાજરીના ભૂસામાં છુપાવી દીધો : કૌટુંબિક ઝઘડામાં અદાવત રાખી હત્યા કરી હોવાની કબૂલાત

ડીસા, તા. ૧૨

ડીસા તાલુકાના નવા ગામે બે દિવસ અગાઉ શાળાએ ગયેલો બાળક ગુમ થયા બાદ શનિવારે વહેલી સવારે તેનો મૃતદેહ મળી આવતા પોલીસે ગણતરીના સમયમાં જ હત્યાનો ભેદ ઉકેલી દીધો હતો. જેમાં મૃતક બાળકના પિતરાઈ ભાઈએ જ કૌટુંબિક ઝઘડાની અદાવતમાં તેની હત્યા કર્યાનું કબુલી લીધુ હતુ. હત્યારાએ બાળકનો મૃતદેહ બાજરીના ભૂસામાં સંતાડી દીધો હતો. ડીસા તાલુકાના નવા ગામે રહેતા બળવંતજી દેવજીજી ઠાકોરનો દીકરો અજય ઉર્ફે અભો ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-પમાં અભ્યાસ કરતો અજય ગુરૂવારે સવારે ગુમ થયો હતો. આ અંગે તાલુકાના ઈન્ચાર્જ પીઆઈ યુ.બી. ધાખડા તપાસ કરતા તેમના કૌટુંબિક ભાઈ ચેનજી ઠાકોર અને તેમના દીકરા પરેશ સાથે ઝઘડો થયો હોવાનું જણાયું હતું અને પરેશની શકમંદ તરીકે પૂછપરછ કરી રહી હતી.





### પિતરાઈ પરેશની કડકાઈથી પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો

દરમિયાન શનિવારે સવારે ગામની સીમમાં એક ખેતરમાં બાજરીના ઢુંઢાના ઢગલામાંથી દુર્ગંધ આવતી હોવાની ગ્રામજનોની રજૂઆતથી પોલીસે ડોગ સ્કવોર્ડ અને મામલતદાર શિવરાજ ગિલવાની ઉપસ્થિતિમાં તપાસ કરતા અજયની પ્લાસ્ટીકની કોથળીમાં વિંટળાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. જેથી પોલીસે તેની પિતરાઈ પરેશની કડકાઈથી પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો અને હત્યા કર્યાનું કબુલ્યુ હતુ.

### શાળામાંથી અજયને લઈ ગયો હતો

અજયના મોટાભાઈએ પરેશના પિતાને લાકડીઓ મારી હતી. તેમજ અજયની ફોઈનો દીકરો પરેશના પરિવારની છોકરી લઈને ભાગી ગયેલો હતો. બંનેનું વેર વાળવા અજય જયારે ગુરૂવારે શાળાએ ગયા બાદ રીશેષમાં કુદરતી હાજતે જવા બહાર આવ્યો ત્યારે પરેશે તેના ઘરે લઈ જઈ ગળુ દબાવી હત્યા કરી જીવીત ન રહે તે માટે ચપ્પાના ઘા મારી પ્લાસ્ટીકની કોથળીમાં નાંખી બાજરીના ઢુંઢાના ઢગમાં સંતાડી દિધો હતો.

# મોડાસાના સિદ્ધિ વિનાયક મંદિરની ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ રાજ્યમાં ત્રીજા સ્થાને

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં વર્ષોથી ઉજવાતા મોડાસાના મનોકામના સિદ્ધિ વિનાયક મંદિરમાં ઉજવાતા ગણેશોત્સવની ઉજવણીમાં રાજયમાંથી મોટી સંખ્યામાં ગણેશજીદાદાના દર્શનાર્થે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ગુજરાત રાજ્યમાં એક ખાનગી કંપની દ્વારા રાજ્યના ૧૪૫ ગણેશ મહોત્સવની કરવામાં આવેલી મોજણીમાં મોડાસાના સિદ્ધિ વિનાયક મંદિરમાં પ્રસ્થાપીત કરેલી ઈકોફ્રેન્ડલી મૂર્તિને જિલ્લામાં પ્રથમ અને સમગ્ર રાજ્યમાં ત્રીજુ સ્થાન મળતા મંડળને ૧૫ હજાર કિંમતનો પુરસ્કાર આપી, ટ્રોફી એનાયત કરતા મોડાસા શહેરના દુંદાળાદેવના ભક્તજનોમાં આનંદ છવાયો હતો.

મોડાસાના શામળાજી રોડ પર આવેલા ડિપ વિસ્તારના અતિ પૌરાણીક શ્રી મનોકામના સિદ્ધિ વિનાયક મંદિર ટ્રસ્ટ દ્વારા ધર્મ સાથે પર્યાવરણની જાગૃતિ કેળવવા છેલ્લા બે વર્ષથી અંબાજીના આદિવાસી મહિલા મંડળની બહેનો દ્વારા નારીયેળના છોતરામાંથી બનાવાતી ઈકો ફ્રેન્ડલી દૂંદાળા દેવની મૂર્તિ અનોખુ આકર્ષણ પેદા કર્યું છે. છેલ્લા



બે વર્ષથી એક ખાનગી કંપની દ્વારા ગુજરાત રાજયમાં ગણેશોત્સવ નિમિત્તે ગુજરાત રાજયની શ્રેષ્ઠ ૩ ગણેશ મૂર્તિ અને પેડાલોને શ્રેષ્ઠ જાહેર કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાતના ૧૪૫ ગણેશ પેડાલોનો સર્વે કરી કંપની દ્વારા રાજ્યની શ્રેષ્ઠ ૩ પ્રતિમાઓ ઘોષિત કરવામાં આવી હતી. જેમાં ઈકો ફ્રેન્ડલી મૂર્તિએ રાજયભરમાં ત્રીજુ સ્થાન અને અરવલ્લી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવતા ટ્રસ્ટી મંદિર, ગણેશ મંડળ સહિત મોડાસા નગરમાં ગૌરવની લાગણી પ્રસરી હતી. મંડળને ખાનગી કંપની દ્વારા ૧૫ હજારનું પુરસ્કાર રૂપે સાઉન્ડ એમ્પ્લીફાયર ઈનામ અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ટ્રોફી એનાયત પ્રસંગે ગણેશભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ.

# પ્રાંતિજના દલપુર પાસે નારાયણ ગૌ સેવા સંસ્થાન દ્વારા અંબાજી પદયાત્રીઓ માટે વિસામો


પ્રાંતિજ,તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ખાતે આવેલ મા જોગણી માતાના મંદિર પાસે નારાયણ ગૌ સેવા સંસ્થાન દ્વારા પદયાત્રીઓ માટે વિસામાનું આયોજન કરવામાં આવ્યું હતું.




અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ દલપુર નજીક નારાયણ ગૌ સેવા સંસ્થા સાબરકાંઠા દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માટે વિસામાનું આયોજન કર્યું હતું. જેમાં નાહવા માટે ગરમ પાણી તથા ચા-નાસ્તો-લીંબુ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ભાવેશભાઈ ચૌધરી, આશિષભાઈ પટેલ, ધનોષભાઈ શાહ, લક્ષ્મણભાઈ, લાલુભાઈ, કાળુસિંહ વગેરે દ્વારા પદયાત્રીઓને સેવાઓ આપવામાં આવી હતી.





## મોડાસાના સાઈગ્રુપ દ્વારા બાબા અમરનાથની પ્રતિકૃતિના દર્શન

અરવલ્લી જિલ્લામાં ગણેશ મહોત્સવને પૂર્ણાહૂતિના ગણતરીના દિવસો બાકી છે ત્યારે મોડાસા શહેરમાં ભક્તિભર્યા માહોલ અનુભવાઈ રહ્યો છે. મોડાસાના માલપુર રોડ પર ઓધારી માતાના મંદિરના મેદાનમાં ગત રાત્રીએ બરફના અમરનાથની અદલ પ્રતિકૃતિ બનાવી અને આતંકવાદ જેવી પ્રવૃત્તિઓ નાથવા પોલીસ અને કોર્ટ દ્વારા તેનો કડક અમલ કરાય છે તે પણ આ કૃતિનો એક ભાગ બની દર્શાવાયુ હતુ. 'બાબા અમરનાથ'ના દર્શનનો લાભ લેવા મોડાસા શહેરના શહેરીજનો અને આજુબાજુના ગામડાના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડી ભક્તિભાવપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# પ્રાંતિજના યુવાનો દ્વારા ૬૦ વર્ષના વૃદ્ધોને યાત્રાએ લઈ ગયા

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા કેટલાક શ્રવણો યુવાનો દ્વારા ૬૦ વર્ષથી ઉપરના વડીલોને એક દિવસ માટે ધાર્મિક યાત્રાએ લઈ ગયા હતા અને સાત ધાર્મિક સ્થળોના દર્શન કરાવી યુવકોએ વડીલોના આશીર્વાદ લઈને આનંદ વ્યક્ત કર્યો હતો જે આજના યુગના અન્ય સમાજના યુવાનો માટે પણ પ્રેરણારૂપ છે.

પ્રાંતિજ તપોધન ફડીખાતે રહેતા કેટલાક યુવાનો દ્વારા એક ઉત્તમ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં તપોધન ફડી ખાતે રહેતા કોઈપણ જ્ઞાતિના ૬૦ વર્ષ ઉપરના વડીલોને તા. ૧૧-૯-૨૦૧૬ને રવિવારના રોજ ધાર્મિક સ્થળોએ યાત્રાએ લઈ ગયા હતા. જેમાં અગાઉથી જ ૬૦ વર્ષની ઉપરના વૃદ્ધોની યાદી તૈયાર કરી દેવામાં આવી હતી અને લકઝરી બસ દ્વારા સવારથી સાંજ સુધી સાત ધાર્મિક સ્થળોએ લઈ જવામાં આવ્યા હતા. જેમાં ગણેશ મંદિર સહિતના પ્રવિત્ર ધામે લઈ જવામાં આવ્યા હતા અને ચા-નાસ્તો જમવા સાથે દવાઓ



સહિત ત્રણ વ્હિલચેરની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

જયારે ૨૦ જેટલા સ્વયંસેવકો પણ તેમની જોડે હાજર રહ્યા હતા. ત્યારે આજના યુગમાં પોતાના દિકરાઓ પણ પોતાના મા-બાપને યાત્રાએ લઈ જતા પહેલા સો વાર વિચારે છે ત્યારે પ્રાંતિજ તપોધન ફડીનાયુવાનો દ્વારા એક દિવસ માટેની મીની ટુર ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને યાત્રા કરાવી અનોખો વિચાર અન્ય સમાજના યુવાનો અને પુત્રો માટે પણ આ એક ઉત્તમ વિચાર ધારાની શુભ શરૂઆત કરી છે તેમ કહીએ તો પણ નવાઈ નહી. જયારે સમગ્ર આયોજન રાકેશ રાવલ, વિનોદ રાવલ, આશિષ રાવલ, કૌશલ રાવલ, હિરેન રાવલ વગેરે તપોધન ફડીના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધાનેરા તાલુકાના થાવર ગામ પાસે અકસ્માત એકનુ મોત ૫ ઘાયલ

ધાનેરા, તા. ૧૨

ધાનેરા તાલુકાના થાવર ગામ પાસે કોઈ અજાણી ગાડીનો ચાલક રીક્ષાને ટક્કર મારી ફરાર થઈ જતા રીક્ષામાં સારવાર અર્થે આગળ રીફર કર્યા હતા.

રીક્ષા (છકડો) થાવર પાસે થઈ પસાર થઈ રહ્યો હતો તે સમય દરમ્યાન કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતા મગનભાઈ મેઘવાળને ગંભીર ઈજા થતા લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના ઈએમટી ભગવાનભાઈ એસ. દેસાઈ પોતાની



બેઠેલી એક મહિલાનું મોત નીપજ્યું હતું. તો અન્ય પાંચ લોકોને ગંભીર ઈજા થતા તેમને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપી વધુ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં રીક્ષામાં બેઠેલા સોનીબેન ધનાજી ગોહિલનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે ભરતભાઈ કેશાજી મેઘવાળ તળશીબેન કેશાજી મેઘવાળ, કિંજલબેન બગદાજી મેઘવાળ અને ગીતાબેન ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ફરજ પરના તબીબ દ્વારા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે આગળ રીફર કરવામાં આવ્યા હતા.

# ખેડબ્રહ્મામાં પદયાત્રીઓનો મોબાઈલ ચોર પકડાયો

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્માના બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી મોબાઈલ ચોરી કરતો એક ઈસમ ઝડપાઈ ગયો હતો જેને પોલીસ હવાલે કરી દેવામાં આવ્યો હતો.

હિંમતનગરના રાજાભાઈ ચંદુભાઈ વાઘેલા પોતાના મિત્રો સાથે ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જવા નિકળેલ હતા જેઓ રવિવાર રાત્રે ખેડબ્રહ્મા પહોંચેલા અને આરામ કરવા માટે ખેડબ્રહ્મા બસ સ્ટેશન પાસે રાઘુભાઈ કોમ્પલેક્ષ આગળની ખુલ્લી જગ્યામાં બધા મિત્રો આરામ કરતા હતા તે સમયે વાઘોડીયા તાલુકાના જુનારામપુરા ગામનો મગનભાઈ પ્રતાપભાઈ રાઠોડ આ લોકો પાસે સુવાનુ બહાનુ બનાવી ત્યાં સુઈ ગયેલ હતો અને તક જોઈ રાજાભાઈનો નોકીયા કંપનીનો મોબાઈલ કિંમત રૂ. ૫૦૦ તથા તેમના મિત્ર અજયભાઈ વાઘરી રહે. મોડાસાનાઓનો સેમસંગ ગેલેક્સી મોબાઈલ કિંમત રૂ. ૧૦ હજાર ચોરી કરી અને અન્ય બીજા પદયાત્રીઓના સરસામાનની ચોરી કરતા તે સમયે ઝડપાઈ ગયો હતો જેથી તેને પોલીસને હવાલે કરી દેવામાં આવેલ જે અંગે પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં કિસ્ટલ પબ્લિક સ્કૂલમાં શિક્ષણતંત્રના પગલાં

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ રાંધીયાના વડ પાસે આવેલ કિસ્ટલ પબ્લિક સ્કૂલમાં વગર મંજૂરીએ ગુજરાતી માધ્યમિક એકથી પાંચ ધોરણ બે રોકટોક ચાલુ હોવાના ગાંધીનગર સમાચારમાં તા. ૧૧-૯-૧૬ને રવિવારના દિવસે પ્રસિદ્ધ થતાં ઉંઘતુ તંત્ર સફાળે જાગ્યું હતું અને કિસ્ટલ પબ્લિક સ્કૂલમાં દોડી ગયું હતું ત્યારે હાલ તો કાંઈ રંધાયુ હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે શિક્ષણ વિભાગમાં આજે તપાસ કરતાં બીટનિરીક્ષક તિગુણાબેન ત્રિવેદીને પુછતાં તેવોએ જણાવ્યું હતું કે અમે કિસ્ટલ પબ્લિક સ્કૂલમાં તપાસ કરતા સ્કૂલમાં ગુજરાતી મિડીયમ ચાલતુ નથી તેવું તેઓએ જણાવ્યું હતું ત્યારે તેમની આ કામગીરીથી એ લાગી રહ્યું છે કે તંત્ર અને સ્કૂલ વચ્ચે કંઈક કુલડીમાં ગોળ ભાંગ્યો હોય તેમ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ગુજરાતી માધ્યમના બાળકોનું ભવિષ્યનું શું જ્યારે આ બાબેત અગાઉ શાળા ટ્રસ્ટીને પુછતાં તેવોએ જણાવ્યું હતું કે ગુજરાતી માધ્યમની મંજુરી બે દિવસમાં મળી જશે તો તંત્ર અને સ્કૂલમાંથી કોણ ખોટુ બોલે છે એ તો હવે આવનાર સમયમાં જ ખબર પડશે.

જ્યારે હાલ તો મોંઘી ફી ટ્રાન્સપોટર ફી તથા બાળકોનું ભવિષ્ય ન બગડે તે માટે વાલીઓમાં પણ ભય ઉઠવા પામ્યો છે ત્યારે શું ખરેખર સાચી તપાસ થશે ખરી તે હવે જોવાનું રહ્યું.

# ખેડબ્રહ્માથી અંબાજીનો માર્ગ પદયાત્રીઓથી છલકાયો





ખેડબ્રહ્મા, તા. ૧૨

જગદજનની મા જગદંબાના ભાદરવી પૂનમના મહામેળામાં ખેડબ્રહ્માથી અંબાજી સુધીના ૫૦ કીલો મીટરના માર્ગ ઉપર શ્રદ્ધાળુઓનું કીડીયારૂ ઉમટી પડ્યુ છે. હાથમાં લાલ ધજા તથા માડીના રથ ખેંચતા ભક્તિભાવથી પદયાત્રીઓ અંબાજી તરફ અવિરત આગળ વધી રહ્યા છે. રવિવારે રાત્રે ખેડબ્રહ્માથી અંબાજી સુધી એક માનવ સાંકળ સ્વયંભુ સર્જાઈ હતી. ભાદરવી પૂનમે પગપાળા જતા સંઘોમાં ગુજરાતના ખેડા, દાહોદ, રાજપીપળા, મહીસાગર, આણંદ, ભરૂચ તથા રાજસ્થાનના ઉદયપુર-સાગવાડા, સબુબર, ખેરવાડા તથા આ વર્ષે મધ્યપ્રદેશના પદયાત્રીઓ ધ્યાન ખેંચતા હતા. પગપાળા જતા શ્રદ્ધાળુઓમાં વૃદ્ધો, યુવાનો, બાળકો અને મહિલાઓની સંખ્યા પણ આ વર્ષે વધુ છે. ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓ સાથે ભક્તોની શ્રદ્ધાના અવનવા કિસ્સા પણ ધ્યાન ખેંચે છે. ખેડબ્રહ્માથી અંબાજીના માર્ગ ઉપર કેટલાક પરિવારો પોતાના બાળકોને જોળીમાં, બાબા ગાડીમાં તો કોઈ તેડીને કે કોઈ દિવ્યાંગ ટ્રાયસિકલમાં તથા માથે ગરબા લઈ મા ના દરબારમાં માથુ ટેકવવા અંબાજી જતા નજરે પડે છે. આ વિસ્તારમાં ચાલતા વિસામાઓમાં પદયાત્રીઓ ચા-નાસ્તો, ભોજન અને આરામ કરવા માટે રોકાય છે.